ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



મંગળભાઈ જી ચૌહાણ
સભ્ય, ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન, ગાંધીનગર



રીટાબેન દિપકભાઈ સોની
મો. ૯૪૦૮૭ ૬૨૧૧૪



ક્રિશા પાર્થકુમાર જાની
મો. ૯૯૭૪૭ ૦૮૨૧૧

## સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો માટે 'ચર્ચાપત્ર' વિષયે આજે નિઃશુલ્ક વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧૬

આગામી મે, ૨૦૧૬માં લેવાનારી જીપીએસસીની ડીવાયએસઓ અને નાયબ મામલતદારની પરીક્ષામાં ગુજરાતી વિષયમાં સમાવિષ્ટ 'ચર્ચાપત્ર' બાબતે પરીક્ષાર્થીઓની ભ્રામક માન્યતા અને ગેરસમજ દૂર કરવાના હેતુથી ગુજરાતી ભાષા સાહિત્ય અને પત્રકારત્વના અનુભવી તથા સ્પીપામાં તાલીમ આપનાર ડૉ. સ્વપ્નિલ મહેતા દ્વારા 'ચર્ચાપત્ર કેવી રીતે લખવો ?' એ વિષય પર તા. ૧૭ એપ્રિલ ને રવિવારે સાંજે પાંચ કલાકે ટાઉનહૉલના પ્રાંગણમાં એક નિઃશુલ્ક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક પરીક્ષાર્થીને આ વ્યાખ્યાનનો લાભ લેવા તેમણે નિમંત્રણ પાઠવ્યું છે.

### નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા

# 'વૅકેશન વિજ્ઞાન સંગ' કાર્યક્રમ અંતર્ગત 'સાયન્સ ટૅલેન્ટ વર્કશૉપ' યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ પ્રકારની વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓના એક ભાગરૂપે સાયન્સ ટૅલેન્ટ વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની માહિતી આપતાં સૅન્ટરના સંયોજક દ્વારા જણાવવામાં આવ્યું છે કે વૅકેશનનો સુવર્ણ સમય વિદ્યાર્થીઓ ટીવી, વિડીયોગેમ, ફિલ્મો, મોબાઈલ ફોન વગેરે જેવી વસ્તુઓમાં ન વેડફી દે અને આ સમયનો સદુપયોગ કરે તે હેતુથી તા. ૩થી ૧૨ મે દરમ્યાન વિદ્યાર્થીઓને પ્રિય એવા સાયન્સ ટૅલેન્ટ વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓના રસ અને રૂચિને ધ્યાનમાં રાખીને ઓરીગામી વર્કશૉપ, સાયન્ટીફિક ટૉય મેકીંગ, હૉબી ઈલેક્ટ્રોનિક્સ વર્કશૉપ, સાયન્સ મોડલ મેકિંગ વર્કશૉપ, રૉબોટીક્સ વર્કશૉપ, ભૌમિતીક આકારો બનાવવાનો વર્કશૉપ, એરો મૉડેલિંગ વર્કશૉપ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્કશૉપમાં નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને મૉડેલ બનાવતાં શીખવવામાં આવશે તેમજ તેની રચના, કાર્યપધ્ધતિ વિશે પણ માહિતી આપવામાં આવશે. ઉપરાંત વિજ્ઞાનની નવી શોધો વિશે તેમજ વિજ્ઞાનના વિભિન્ન સિદ્ધાંતો વિશે પણ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. વિદ્યાર્થીઓનાં મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નોના ઉત્તરો પણ પાઠવવામાં આવશે.


આ વર્કશૉપમાં ધોરણ પાંચથી માંડીને ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. વર્કશૉપ ૩થી ૧૨ મે દરમ્યાન સવારે ૯થી ૧૨ દરમ્યાન નિસર્ગ સાયન્સ સૅન્ટર, બ્લૉક નં. ૬૧/૧, ઘ ટાઈપ, લગ્નવાડી પાસે, સૅક્ટર-૨૩ ખાતે યોજવામાં આવશે.

વર્કશૉપમાં જોડાવા માટે તા. ૩૦ એપ્રિલ સુધીમાં આ સ્થળેથી ફૉર્મ મેળવીને ભરવાનું રહેશે. મર્યાદિત સંખ્યામાં આ વર્કશૉપ માટે સંખ્યા લેવાની હોવાથી વિદ્યાર્થીઓને છેલ્લી તારીખની રાહ ન જોતાં વહેલી તકે ફૉર્મ ભરી લેવા તથા આ અંગેની માહિતી માટે સંયોજક હાર્દિક મકવાણા (ફોન : ૨૩૨૩૫૨૧૫, મો. ૯૪૨૬૪૫૧૧૦૨), શિવાંગ પટેલ (મો. ૯૦૯૯૩ ૮૨૯૩૬)નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.



શ્રી સ્વામીનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામીનારાયણ મંદિર, મણિનગર ખાતે ૨૩૫મી શ્રી સ્વામીનારાયણ જયંતિની ઉજવણી નિમિત્તે આરતી ઉતારતાં આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજ. આ પ્રસંગે શ્રી સ્વામીનારાયણ મહામંત્રની ચોવીસ કલાકની અખંડ ધૂનનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

# 'આઈ ઍમ પ્રૂવીંગ પાવર ઑફ મૅમરી' પુસ્તકનું પ્રમુખ સ્વામી દ્વારા વિમોચન





ગાંધીનગર, તા. ૧૬

'યાદશક્તિ ક્યારેય સારી કે ખરાબ હોતી જ નથી, યાદશક્તિ ફક્ત કેળવાયેલી કે બિન કેળવાયેલી જ હોય છે.' આ સોનેરી વાક્ય છે 'આઈ ઍમ પ્રૂવિંગ પાવર ઑફ મૅમરી' પુસ્તકના માત્ર ૧૯ વર્ષના લેખક ધવલ પટેલના, જે મૅડિકલનો વિદ્યાર્થી છે.

પ્રાથમિક શિક્ષણમાં માંડ ૬૫% લાવતો વિદ્યાર્થી બારમા ધોરણમાં ૯૫% લાવીને મૅડિકલમાં પ્રવેશ મેળવે અને એ પણ માઈન્ડ પાવરના પ્રયોગો પોતાની જાત પર કરીને - એ બાબત પ્રશંસાને પાત્ર છે. ધોરણ-૯થી તો જાતે જ માસ્ટર ટ્રેનરબની અનેક વિદ્યાર્થીઓ અને શિક્ષકોને મૅમરી પાવરની ટીપ્સ આપનાર ધવલે પોતાનું પ્રથમ પુસ્તક 'આઈ ઍમ પ્રૂવિંગ પાવર ઑફ મૅમરી' ગુડી પડવાના દિવસે પ્રકાશિત કર્યું છે.

સ્વામીનારાયણ સંપ્રદાયના સર્વેસર્વા પ્રમુખસ્વામી મહારાજે એનું વિમોચન કર્યું છે. નવભારત સાહિત્ય મંદિર દ્વારા એ પ્રકાશિત થયું છે, જ્યારે રાષ્ટ્રપતિ ઍવોર્ડ વિજેતા શિક્ષિકા ડૉ. વર્ષા પારેખે એની પ્રસ્તાવના લખી છે. મૅમરી પાવરની ટીપ્સ ધરાવતું આ પુસ્તક વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બની રહેશે એવી આશા ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતે વ્યક્ત કરી છે. મૅડિકલ અભ્યાસની વ્યસ્તતા વચ્ચે પણ મૅમરી પાવરના ક્લાસ લેતાં ધવલ પટેલનું ભવિષ્ય ઉજ્જવળ છે એવું આ પુસ્તક પરથી ફલિત થાય છે.

### ગ્રો ફાઉન્ડેશન અને સરસ્વતી શિશુ મંદિરના સંયુક્ત ઉપક્રમે

# ૨૦ એપ્રિલથી સૅક્ટર-૧૭ ખાતે ચિત્રકલા શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

ગ્રો ફાઉન્ડેશન અને સરસ્વતી શિશુ મંદિર, સૅક્ટર-૧૭ દ્વારા એક ચિત્રકલા શિબિરનું આયોજન આગામી તા. ૨૦ એપ્રિલથી ૧૨ મે દરમ્યાન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં શિબિર સંચાલક સુસ્મિત ધુમડાએ જણાવ્યું છે કે તા. ૨૦ એપ્રિલથી ૧૨ મે દરમ્યાન સવારે ૮થી ૧૦ અને સાંજે ૫થી ૭ દરમ્યાન સરસ્વતી શિશુ મંદિર, ચ-રોડ પાસે, સૅક્ટર-૧૭ ખાતે આ શિબિર અંતર્ગત ચિત્રની તાલીમ નિષ્ણાત અને અનુભવી શિક્ષક દ્વારા આપવામાં આવશે.

શિબિરમાં પ્રવેશ લેવા હેતુ ફોર્મ રંગોલી ગિફ્ટ આર્ટીકલ, ઘ-૫ પાસે, સૅક્ટર-૧૬ અથવા શ્રી સરસ્વતી શિશુ મંદિર ખાતેથી મળી શકશે. આ અંગેની વધુ માહિતી માટે સુસ્મિત ધુમડા (મો. ૯૩૨૭૭ ૬૯૩૭૪)નો સંપર્ક કરવા રસ ધરાવતા વ્યક્તિઓ, વિદ્યાર્થીઓને જણાવાયું છે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ફૅન
૬.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૨**
ફૅન
૧૨.૩૦, ૩.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ફૅન
૨.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
જંગલ બૂક (૩ડી હિન્દી)
૧૨.૧૫, ૮.૦૦
જંગલ બૂક (૩ડી અંગ્રેજી)
૫.૪૫

**સ્ક્રીન-૪**
કિ ઍન્ડ કા
૭.૦૦
ફૅન
૧૦.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૯.૧૫

**સ્ક્રીન-૫**
ફૅન
૧૧.૦૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૬**
ફૅન
૮.૦૦
કિ ઍન્ડ કા
સવારે ૧૦.૦૦

### નવા શૈક્ષણિક સત્રથી

# ગુજરાત યુનિ.માં ૨ % બેઠકો સ્પૉર્ટ્સ ક્વોટા માટે

## સ્પોર્ટ્સ કવોટાનું મોનિટરિંગ કરવા માટે એક સ્વતંત્ર કમિટીની પણ રચના કરવામાં આવી, જે નાનામાં નાની વિગતોની ચકાસણી કર્યા બાદ પ્રવેશ માટે ભલામણ કરશે

ગાંધીનગર, તા. ૧૬


રાજય સરકારની ખેદકૂદ પોલિસી અંતર્ગત રમતવીરોને પ્રોત્સાહન આપવા માટે ચાલુ વર્ષે સ્પોર્ટસ ઓથોરિટી દ્વારા દરેક યુનિવર્સિટી, કોલેજો અને સંસ્થાઓને સ્પોર્ટસ કવોટા માટે બેઠકો અનામત રાખવાના આદેશ કરાયા છે. જેના અનુસંધાનમાં તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટીમાં મળેલી બેઠકમાં હવે પછી થનારી ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં અગાઉથી બે ટકા સ્પોર્ટસ કવોટા અનામત રાખવાનું નક્કી કરાયું છે.

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ કોલેજોમાં પ્રવેશ માટે ચાલુ વર્ષે પણ ઓનલાઈન એડમિશન કરવાનું નક્કી કરાયું છે. આ એડમિશનમાં બે ટકા બેઠકો સ્પોર્ટસ કવોટા માટે અનામત રખાશે. ગયા વર્ષે પણ સ્પોર્ટસ કવોટા માટે બેઠકો અનામત રાખવાનો નિર્ણય કરાયો હતો. પરંતુ છેલ્લી ઘડીએ સ્પોર્ટસ કવોટાના નામે લાગતાં-વળગતાંઓને પ્રવેશ આપવાની ચેષ્ટા થતાં સ્પોર્ટસ કવોટા રદ કરી દેવાયો હતો. આ મુદ્દે જે તે સમયે ભારે વિવાદ પણ થયો હતો. પરંતુ હવે આગામી વર્ષે થનારા તમામ એડમિશનમાં બે ટકા બેઠકો સ્પોર્ટસ કવોટા માટે રખાશે. સ્પોર્ટ્સ કવોટાનું મોનિટરિંગ કરવા માટે એક સ્વતંત્ર કમિટીની પણ રચના કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે સ્પોર્ટસ ઓથોરિટી દ્વારા આદેશ કરાયો છે કે દરેક કોર્સમાં સુપરન્યુમેરિક ધોરણે પણ બે ટકા બેઠકો સ્પોર્ટસ કવોટા તરીકે અનામત રાખવી પડશે. અલબત્ત, સ્પોર્ટ્સ ક્વોટામાં ઍડમિશન માટે માત્ર સર્ટિફિકેટ નહીં ચાલે, વિદ્યાથી જે સર્ટિફિકેટ રજૂ કરશે તે સ્પર્ધા કયાં અને કયારે થઈ હતી. તેનું રાજકીય અને રાષ્ટ્રીય મહત્ત્વ કેટલું અને કેવું હતું, કેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો તે સહિતની નાનામાં નાની વિગતોની ચકાસણી કરાશે. કમિટી દ્વારા આ બાબતે સંપૂર્ણ તપાસ કરીને સંમતિ આપ્યા પછી સ્પોર્ટસ કવોટામાં પ્રવેશ મળી શકશે.

### મોરારિબાપુની કલાકારોને ટકોર

# ઉભરતા કલાકારોને પણ માન આપવું જોઈએ, તક આપવી જોઈએ



ગાંધીનગર, તા. ૧૬

ઉભરતા કલાકારોને પણ માન આપવું જોઈએ એવી ટકોર તાજેતરમાં સંત શિરોમણી મોરારિબાપુએ કરી હતી.

આ અંગેની માહિતી આપતાં શાંતિલાલ રાણિંગાએ જણાવ્યું છે કે તાજેતરમાં વિરમગામની કથામાં મોરારિબાપુએ આ ટકોર કરતાં જણાવ્યું હતું કે જ્યારે જુનિયર કલાકારો ગાય ત્યારે વાહ પોકરી કે તાળી પાડી એમને વધાવવા એ પુણ્યનું કામ છે. સંભવ છે કે મોટા સ્ટેજ પર ગાવાની તક ને પ્રોત્સાહનથી તેમનું નામ બની જાય.

આ સાથે જ તેમણે એમ પણ જણાવ્યું હતું કે સરકારી સંસ્થાઓએ જાણીતા કલાકારો સાથે એકાદ-બે ઓછા જાણીતા, ઉભરતા કલાકારોને પણ તક આપવાની ટેવ પાડવી જોઈએ. જ્યાં જુઓ ત્યાં એકના એક કલાકારોને બદલે એકાદ-બે નવાનો ઉમેરો કલાક્ષેત્ર માટે પ્રેરણારૂપ બની રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું.

# ફેન : સુપર સ્ટાર શાહરૂખ ખાનને બદલે અભિનેતા શાહરૂખ ખાનના ફેન થઈ જવાય એવી ફિલ્મ





સામાન્ય માણસને મહામાનવ બનાવવામાં ટોળાબંધ સામાન્ય માણસોનું વળગણની હદનું યોગદાન હોય છે. લોકોની પ્રિયતાથી સફળતાની ટોચે બેઠેલા-સામાન્ય માણસોએ 'ભગવાન' બનાવી દીધેલા એ મહામાનવથી જો એકવાર પણ સામાન્ય માણસ જેવું વર્તન થઈ ગયું તો 'ભગવાન' બની ગયેલા એ મહામાનવને આ જ સામાન્ય માણસો ધૂળ ચાટતો કરી શકવા માટે સમર્થ છે...બન્ને વખતે સામાન્ય માણસોનું વળગણની હદનું ઝનૂન જ કારણભૂત છે. કીંગ ખાન-શાહરૂખ ખાનની મોસ્ટ અવેઈટેડ ફિલ્મ 'ફેન' આવા જ એક સામાન્ય માણસના અસામાન્ય વળગણની થ્રીલર ફિલ્મ છે.

યશરાજ ફિલ્મ્સની આદિત્ય ચોપરા નિર્મિત, શાહરૂખ ખાનને ડબલ રોલમાં પેશ કરતી ફિલ્મ 'ફેન'નો વિષય તદન નવો-ભિન્ન-હટકે છે. શાહરૂખ ખાનની રિયલ સ્ટોરી સાથે આ ફિલ્મની સ્ટોરીને સાંકળી લેવામાં આવી છે. શાહરૂખ ખાન મૂળ દિલ્હીવાસી. દિલ્હીના ચાંદની ચોકમાં જ રહેતો ગૌરવ ચાંદના ચહેરે-મહોરે થોડો-ઘણો કીંગ ખાન-બાદશાહ-સુપરસ્ટાર શાહરૂખ ખાન જેવો દેખાય છે. ગૌરવ ચાંદનાને નાનપણથી જ શાહરૂખ ખાન પ્રિય છે. જેના શ્વાસ-શ્વાસમાં શાહરૂખ વસે છે એવા ગૌરવ ચાંદના રોજીંદા જીવનમાં પણ શાહરૂખની જેમ જ જીવે છે. એટલે સુધી કે તે પોતાને જૂનિયર શાહરૂખ ખાન જ સમજવા લાગે છે. શાહરૂખની જ ઍકિટંગ કરીને ઈનામ અને ટ્રોફી જીતતો આ 'ફેન' પોતાની જાતને એટલી હદે શાહરૂખ સાથે જોડી દે છે કે તે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ પણ ભૂલી જઈને શાહરૂખ સાથે મનથી એકાકાર થઈ જાય છે. ગૌરવ ચાંદના માટે શાહરૂખ જ ભગવાન છે. બસ, એકવાર શાહરૂખ ખાનને મુંબઈ જઈને મળવું અને ભેટવું એ જ એના જીવનનું એકમાત્ર લક્ષ્ય-ધ્યેય અને ઉદ્દેશ છે.

આ તરફ શાહરૂખ ખાન પાસે તો આવા અસંખ્ય- અગણિત ફેન હશે, કે જે ગૌરવ ચાંદનાની જેમ શાહરૂખ ખાન પર મરી મિટવા તૈયાર હોય...! શાહરૂખ ખાન જેવા સુપર સ્ટારને આવા અસંખ્ય ચાહકોનો પ્રેમ અને લોકપ્રિયતા જ સફળતાની ટોચે બેસાડે છે, પરન્તુ સફળતાની સીડી સુધી પહોંચવા માટેનો પરિશ્રમ તો શાહરૂખ ખાને સ્વયં કર્યો હોય ને. લોકોએ 'ભગવાન' બનાવી દીધેલી એ વ્યકિત આખરે તો એક સામાન્ય વ્યકિત જ છે ને...!

શાહરૂખ ખાન આવા ગૌરવ ચાંદના જેવા ઝનૂની ચાહકોના પોતાના પ્રત્યેના વળગણ સાથે કઈ રીતે જીવતો હશે ? કોઈનો અતિશય પ્રેમ પણ ગુંગળાવી નાખતો હોય છે...આવા પ્રેમને કોઈ કેમ જીરવતું હશે ? તો સામે જેને ભગવાન માની લીધી હોય એવી વ્યકિત સામાન્ય માણસ જેવું વર્તન કરે ત્યારે એ ચાહકનું-પ્રેમીનું શું થતું હશે? એક મહામાનવ પ્રત્યેના એક સામાન્ય માણસ-અસામાન્ય ફેનના વળગણની વાત એટલે 'ફેન'.

'ફેન'ની સૌથી મોટી ઉપલબ્ધિ હોય તો તે શાહરૂખ ખાનનો અભૂતપૂર્વ અભિનય છે. શાહરૂખ ખાનની કારકિર્દીનો આ સિમાચિન્હરૂપ અભિનય હશે એમ કહું તો સહેજ પણ અતિશયોક્તિ નથી. લગભગ બધી જ ફિલ્મોમાં શાહરૂખ ખાન જ હોય છે. ચોપરા હોય કે જોહર; શાહરૂખ ખાન બધે એક સરખો જ હોય....ટીપીકલ જ હોય. પરન્તુ 'ફેન' માં શાહરૂખ ખાને એક સામાન્ય માણસ-ગૌરવ ચાંદનાના પાત્રમાં જીવ રેડી દીધો છે. પહેલીવાર શાહરૂખ ખાન 'શાહરૂખ ખાન' નથી...!!!

શાહરૂખ ખાનના જાનદાર અભિનય જેટલું જ શ્રેય સ્પેશિયલ મેક-અપ ઈફેકટ્સ આર્ટીસ્ટ ગ્રેગ કેનોમને પણ આપવો પડે જેમણે 'સ્ટાર ટ્રેક', 'એલિયન', 'ડ્રેક્યુલા', અને 'ધી માસ્ક' જેવી ફિલ્મોના મેક-અપ આર્ટીસ્ટ તરીકે નામના મેળવી છે. ગ્રેગ કેનોમે 'ટાઈટેનિક'માં કેટ વિન્સલેટને વૃદ્ધ-રોઝ બનાવી હતી. આ એ જ મેક-અપ આર્ટીસ્ટ છે જેમણે 'કપૂર એન્ડ સન્સ' માં રિશી કપૂરને વૃદ્ધ દાદાજી બનાવી દીધા હતા. ૯ વખત ઓસ્કાર માટે નોમિનેટ થયેલા અને ૩ વખત તો ઓસ્કાર જીતી ચુકેલા ગ્રેગ કેનોમે 'ફેન' માં શાહરૂખ ખાનને યુવાન ગૌરવ ચાંદના બનાવી દીધો છે. પ્રેક્ષકો પણ બે અલગ વ્યકિત્વ તારવી શકે એટલા આબેહૂબ અભિનયમાં ગ્રેગ કેનોમના મેક-અપનું મોટું યોગદાન છે.

'ફેન' પ્રેક્ષકોને પરસેવો થઈ જાય એવી થ્રીલર છે. આ ફિલ્મ પ્રેક્ષકોને જકડી રાખે છે. આ માટે દિગ્દર્શક મનીષ શર્માને યશ આપવો પડે. દિલ્હીમાં જ ભણીને મોટા થયેલા મનીષ શર્માએ ૨૦૧૦માં 'બેન્ડ બાજા બારાત' (રણવીરસિંઘ-અનુષ્કા શર્મા) સાથે વાજતે-ગાજતે સ્વતંત્ર ફિલ્મ દિગ્દર્શનની શરૂઆત કરી હતી. મોટાભાગે જેમણે યશરાજ ફિલ્મ્સની જ ફિલ્મોનું દિગ્દર્શન કર્યું છે, એવા મનીષ શર્માના દિગ્દર્શનમાં તાજગી છે. ચીલાચાલુપણું નથી. 'દમ લગા કે હૈશા' તેમનું પોતાનું પ્રોડકશન હતું, જેના વિવેચકોએ ખૂબ વખાણ કર્યા હતા અને તેને શ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો નૅશનલ ઍવોર્ડ પણ અર્પણ કરવામાં આવ્યો છે. 'ફેન' પણ મનીષ શર્માની સફળતામાં એક મહત્વનું છોગું બની રહે એવી ફિલ્મ છે. જોકે ગૌરવ ચાંદના અને શાહરૂખ ખાનના ચેઝીંગનાં દશ્યો ખૂબ જ લાંબા-અતિશયોક્તિભર્યા અને કંટાળાજનક છે. આ દશ્યો પર થોડો અંકુશ મુકાયો હોત તો ફિલ્મ વધુ સ્લીક અને સ્માર્ટ બની હોત.

'ફેન'માં બે-બે શાહરૂખ ખાન હોય પછી બીજા કલાકારોનું શું કામ હોય ? શાહરૂખ ખાનની આ પહેલી એવી ફિલ્મ છે, જેમાં કોઈ હિરોઈન નથી. હા, શાહરૂખ ખાનની પત્ની-ગૌરીના પાત્રમાં એક સમયની જાણિતી મોડેલ વેલુસા ડિસોઝા છે, અને ગૌરવ ચાંદનાની ગર્લફ્રેન્ડના નાનકડા પાત્રમાં મરાઠી અભિનેતા સચિનની દીકરી શ્રીયા પિલગાંવકર છે. બન્નેએ ભૂમિકાને અનુરૂપ અભિનય કર્યો છે. ગૌરવ ચાંદનાના માતા-પિતાની ભૂમિકામાં દિપીકા અમીન અને યોગેન્દ્ર ટીકુએ સરસ અભિનય કર્યો છે. યોગેન્દ્ર ટીકુને તો આપણે હમણાં 'નિરજા' ના પિતાની ભૂમિકામાં પણ જોયા. શાહરૂખ ખાનની સેક્રેટરી તરીકે સયાની ગુપ્તા પણ શોભે છે. વિદ્યા બાલનવાળી ફિલ્મ 'કહાની'ના એડીટીંગ માટે નેશનલ એવોર્ડ અને 'લવ-સેક્સ ઓર ધોખા' માટે ફિલ્મફેર એવોર્ડ મેળવનાર એડીટર નમ્રતા રાવ બેસ્ટ ફિલ્મ એડીટર છે, એ નિર્વિવાદ છે. 'ફેન'નું એડીટીંગ પણ માસ્ટરપીસ છે. ચેઝીંગના લાંબા-લાંબા દશ્યોને બાદ કરતાં.

'ફેન' ના પ્રમોશન માટે સંગીતકાર વિશાલ-શેખરે 'જબરા ફેન...' ગીત બનાવ્યું હતું. હિન્દીમાં વરૂણ ગ્રોવરે લખેલા આ ગીતને પ્રચલિત કરવા ખૂબ પ્રમોશન કરાયું હતું. ભારતની પંજાબી, ભોજપુરી, મરાઠી, બંગાળી, તમિલ અને ઉડીયા ભાષામાં પણ આ ગીતનો અનુવાદ કરાયો હતો. ગુજરાતીમાં આપણા 'ભાઈ-ભાઈ' અરવિંદ વેગડાએ આ ગીત ગાયું છે...પણ અફસોસ 'ફેન' ફિલ્મમાં આ ગીત જ નથી. 'ફેન' એ કદાચ અત્યારના યુગની એવી એક માત્ર ફિલ્મ હશે કે જેમાં એક પણ ગીત નથી. બેકગ્રાઉન્ડમાં પણ નહીં. બિનજરૂરી ગીત નાખીને દિગ્દર્શક મહેશ શર્માએ 'ફેન'ની ગતિમાં રેગ્યુલેટર નથી મુકયું એ સારી વાત છે.! મનુ આનંદની સિનેમેટોગ્રાફીએ ૧૪૩ મિનિટની આ ફિલ્મને નયનરમ્ય પણ બનાવી છે. મુંબઈ અને દિલ્હી ઉપરાંત લંડન અને ક્રોએશિયાનાં લોકેશન્સને મનુ આનંદની સિનેમેટોગ્રાફીએ વધુ નિખાર્યા છે.

'ફેન'માં એક નહીં પણ બે-બે શાહરૂખ ખાન હોવા છતાં આ પહેલી એવી ફિલ્મ છે, જેમાં સ્ટાર શાહરૂખ ખાન નથી...!!! અહીં સુપરસ્ટારની ભૂમિકામાં શાહરૂખ ખાન અને તેના ફેન-ગૌરવ ચાંદના તરીકે શાહરૂખ ખાન; બે મજબૂત ભૂમિકામાં એક સારો અભિનેતા શાહરૂખ ખાન જોવા મળ્યો છે. શાહરૂખ ખાનના 'ફેન' હશે એમને તો સિનેમાગૃહવાળા પણ ખંખેરી લેવાના મૂડમાં છે. સિનેમા માલિકોએ શરૂઆતના દિવસોમાં તો ટિકિટે સો-સો રૂપિયા ભાવ વધારી જ દીધો છે.. બોક્સ ઓફિસ પર શાહરૂખની અન્ય ફિલ્મોની માફક બસ્સો-ચારસો કરોડની કલબમાં આ ફિલ્મ ન પણ આવે તોય શાહરૂખ ખાનના ફેન્સને તો 'ફેન' ગમશે જ, પરન્તુ શાહરૂખના ટીકાકારોને પણ આ ફિલ્મમાં શાહરૂખ ગમશે. 'ફેન' મનોરંજક નથી એટલે સામાન્ય જનસમુદાયને આ ફિલ્મ એકી અવાજે ગમી જાય એવી નથી. પરન્તુ ફિલ્મોને ક્રિટીકલી મુલવતા વર્ગને આ થ્રીલર થ્રીલ પણ આપશે અને ગમશે પણ ખરી.

